PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા-૦૧/૧૭-૧૮/૩૯૧૮ તા. ૧૦/૦૫/૧૯

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સુનિતાબેન વિરજીભાઈ વોરા,
ગામ: લોન કોટડા,
તા. બાબરા
જી: અમરેલી
મો: ૯૯૦૯૨ ૪૫૬૧૪, ૯૭૨૬૮ ૧૪૬૪૫

**વિષય :–નવા ખેત જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૫/કવા–૦૧/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૪.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO- 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૫/કંવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૯–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: સુનિતાબેન વિરજીભાઈ વોરા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદારશ્રી ના પ્રતિનીધી તરીકે પરસોતમભાઈ લાધાભાઈ વોરા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : નવા ખત જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:લોન કોટડા ખાતે ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે નોંધાયેલ એવી વર્ષ–૨૦૦૯ ની અરજી, મંજુર થતા, પીજીવીસીએલ તરફથી, તા.૦૮–૦૮–૧૬ ના રોજ મંજુરી નુ ભાવપત્રક અપાયેલ હતુ. જેની મુદત તા.૦૭–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી. તેમા વધારાના ૦૨ માસ ની સમયમર્યાદા, જે આર્થિક વિટંબણાઓ ના કારણોસર, તેઓ શ્રી એ, તા.૦૭–૧૧–૧૬ સુધી માંગેલ હતી. જે, સમયમર્યાદા વાસાવડ પેટા વિભાગીય કચેરી તરફથી, તા.૦૭–૧૧–૧૬ સુધી મળેલ હતી. |
| ૧.૨ | પરંતુ, ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ તરફથી અપાયેલ મંજુરી ની અંતીમ તા.૦૭–૧૧–૧૬ સુધી મા સદર ભાવપત્રક ની રકમ ભરપાઈ કરવા માટે, તેણી શ્રી, વિધવા સ્ત્રી હોય, આર્થિક આવક ના નહિવત સ્ત્રોત હોય, આવા કારણોસર, સદર તા.૦૭–૧૧–૧૭ દરમ્યાન, તેણી ની આર્થિક સ્થિતી નબળી હોય, જેથી, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ એવી તા.૦૭–૧૧–૧૬ ના રોજ પુરી થતી મુદત મા –વધારાના ૦૬ માસ, એટલેકે તા.૦૭–૦૫–૧૭ સુધી ની મુદત મર્યાદા વધારી આપવાની તેણીએ, જે તે સમયે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી આપેલ હતી. અને આ અરજી અન્વયે તેણી શ્રી ની, પીજીવીસીએલ સમક્ષ, તેમજ હાલ ફોરમ સમક્ષ જે વિનંતી સહ ની માંગણી કરાયેલ છે, તે મુજબ તેઓ શ્રી ને અપાયેલ તા.૦૮–૦૮–૧૬ ના ભાવપત્રક ની મુદત, જે તા.૦૭–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી, તેમા વધારાના કુલ ૦૮ માસ ની સમયમર્યાદા, એટલેકે તા.૦૭–૦૫–૧૭ સુધી વધારી આપવા માટે, અરજદાર શ્રી '' કે જેઓ મહિલા ( વિધવા)નાગરીક હોય, અને તેમની આર્થિક આવક ના નહિવત સ્ત્રોત હોય, તથા સદર ૦૮ માસ સુધી તેણી આર્થિક વિટંબણાઓ હેઠળ હોય'' આવા કારણોસર, તેઓ શ્રી એ, અત્રેના ફોરમ સમક્ષ, સદર ભાવપત્રક ની મુદત તા.૦૭–૦૫–૧૭ સુધી વધારી આપવા માટે, વિનંતી સહ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રીમતી સુનિતાબેન વિરજીભાઈ વોરા ની, સદર ફરીયાદ અરજી મા વર્ણવ્યા મુજબ ની બાબત વાળી, સામાન્ય યોજના હેઠળ ના ૧૦ હોપા ના નવા, ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે મુળ અરજી ફરીયાદી અરજદાર શ્રી ના સ્વ. પતિ શ્રી વિરજીભાઈ લાધાભાઈ વોરા ના નામે, તેણી શ્રી ના ગામ:લોન કોટડા ખાતે ના, ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટ, તા.૧૭–૦૯–૦૯ ના રોજ નોંધાયેલ હતી. ત્યારબાદ મુળ અરજદાર શ્રી વિરજીભાઈ લાધાભાઈ વોરા નુ અવસાન થતા, તેના સીધીલીટી ના વારસદાર અને પત્નિ એવા, હાલ ના ફરીયાદી અરજદાર શ્રીમતી સુનિતાબેન વિરજીભાઈ વોરા ના નામે, સદર મુળ તા.૧૭–૦૯–૦૯ ની અરજી, જે તા.૨૭–૦૫–૧૬ ના રોજ નામ બદલી થયેલ હતી. |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, તા.૧૭–૦૯–૦૯ ની, શ્રીમતી સુનિતાબેન વિરજીભાઈ વોરા ના નામે નામ બદલી કરાયેલ અરજી, પીજીવીસીએલ તરફથી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, પીજીવીસીએલ દ્વારા નિયમાધીન સર્વે, તાંત્રીક મંજુરી વગેરે કાર્યવાહી સંપન્ન કરાયેલ હતી. અને ફરીયાદી અરજદાર શ્રીમતી સુનિતાબેન વિરજીભાઈ વોરા ને, તેઓ શ્રી ની માંગણી મુજબ નુ, સામાન્ય યોજના હેઠળ નુ, ૧૦ હોપા ના નવા, સામાન્ય યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે નુ, પીજીવીસીએલ તરફથી, તા.૦૮–૦૮–૧૬ ના રોજ, રૂ.૧૪,૧૨૦/– નુ, ભાવપત્રક નં. ૧૦૭૨૭ અપાયેલ હતુ. જે ભાવપત્રક ની મુદત તા.૦૭–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી. |
| **૨.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ ભાવપત્રક ની મુદત, જે તા.૦૭–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી, તે મુદત મા વધારાના ૦૨ માસ ની સમયમર્યાદા – જે ફરીયાદી અરજદાર શ્રી વિધવા સ્ત્રી હોય, અને આર્થિક સ્ત્રોત નહીવત હોય, જેથી આર્થિક વિટંબણાઓ ના કારણોસર – તેણી શ્રી એ, તા.૦૩–૦૯–૧૬ ના રોજ, ૦૨ માસ ની સમયમર્યાદા મેળવવા માટે, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી કરેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી ગ્રાહય રાખીને, સદર ભાવપત્રક ની મુદત જે તા.૦૬–૧૧–૧૬ સુધી વધારી અપાયેલ હતી. |
| **૨.૪** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે ની, સદર ભાવપત્રક ની મુદત – વધારાયેલ સમયમર્યાદા તા.૦૬–૧૧–૧૬ દરમ્યાન ના સમયગાળા મા પણ, ફરીયાદી અરજદાર શ્રીમતી સુનિતાબેન વિરજીભાઈ વોરા, કે જેની આર્થિક સ્થિતી નબળી હોય, ભાવપત્રક ની રકમ નુ ચુકવણુ , સદર તા.૦૬–૧૧–૧૬ સુધી મા કરી શકે તેમ ન હોય, આવા કારણોસર ફરીયાદી અરજદાર શ્રી એ, સદર મુળ ભાવપત્રક, કે જેની મુદત તા.૦૭–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી તેમા, વધારાના ૦૬ માસ, એટલેકે તા.૦૬–૦૩–૧૭ સુધી માંગેલ હતી. ફરીયાદી અરજદાર શ્રી ની સદર તા.૦૬–૦૩–૧૭ સુધી ની મુદત – સમયમર્યાદા મા વધારો, જે પીજીવીસીએલ તરફથી, આખરે તા.૩૧–૦૩–૧૭ ના રોજ મંજુર કરાયેલ હતો. આમ, સદર મુદત વધારાની મંજુરી ની પ્રક્રીયા, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન ઈ–ઉર્જા પ્રણાલી હેઠળ ની હોય, આ સીસ્ટમ હેઠળ ની તાંત્રીક સાતત્યતાઓ ની ક્ષતિઓ ના કારણોસર, તા.૦૬–૦૩–૧૭ સુધી ની મંજુરી, જે તા.૦૬–૦૩–૧૭ પહેલા મળવી જરૂરી હતી, તે મંજુરી, તા.૦૬–૦૩–૧૭ પહેલા આપવાને બદલે પીજીવીસીએલ તરફથી, તા.૦૬–૦૩–૧૭ ની મુદત પુરી થયા પછીના ૨૫ દિવસ બાદ, એટલેકે તા.૩૧–૦૩–૧૭ ના રોજ મળેલ હતી. આવા કારણોસર ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ની મંજુરી ની જાણકારી પણ લેખીત પત્ર દ્વારા આપી શકાયેલ ન હતી. |
| **૨.૫** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે ની મંજુરી બાબતે, પીજીવીસીએલ દ્વારા અરજદાર શ્રી સાથે, યોગ્ય સમયગાળા દરમ્યાન કોમ્યુનીકેશન થઈ શકેલ ન હોવાના કારણોસર, અરજદાર શ્રી અજાણ હોવાથી, અને આખરે અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ની મંજુરી ની તા.૩૧–૦૩–૧૭ ના રોજ ની જાણકારી મળતા જ, ફરીયાદી અરજદાર શ્રી એ તુરંત જ, ફરી એક વખત, તેઓ શ્રી ની મુળભુત એવી આર્થિક વિટંબણાઓ ના કારણોસર, તેણી શ્રી એ સદર મુદત વધારેલ એવી તા.૦૬–૦૩–૧૭ ની અંતીમ તારીખ મા, વધારાના ૦૨ માસ ની સમયમર્યાદા વધારો મેળવવા માટે, તા.૦૧–૦૪–૧૭ ના રોજ ફરી એક વખત વિનંતી અરજી આપેલ હતી. જે અરજી ને પીજીવીસીએલ તરફથી સકારાત્મક રીતે આવરી લેવાયેલ હતી. પરંતુ, ભાવપત્રક ની મુદત વધારવા બાબતે ની તમામ વહીવટીય પ્રક્રીયાજનક કાર્યવાહી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન ઈ–ઉર્જા પ્રણાલી હેઠળ ની હોય, આ સીસ્ટમ હેઠળ ની તાંત્રીક સાતત્યતાઓ ની ક્ષતિઓ ના કારણોસર, હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર વિનંતી અરજી ઈ–ઉર્જા પ્રણાલી હેઠળ લોન્ચ કરેલ હોવા છતા, વર્કફ્લો હેઠળ તા.૦૮–૦૪–૧૭ ના રોજ અને ત્યારબાદ ફરી એક વખત તા.૧૧–૦૪–૧૭ ના રોજ રીજેકટ થયેલ છે. |
| **૨.૬** | આમ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ તા.૦૮–૦૮–૧૬ ના ભાવપત્રક ની મુદત, જે તા.૦૬–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી, તેમા ઉપરોક્ત મુદદાઓ મુજબ, તા.૦૬–૦૯–૧૬ પછી ના, વધારાના કુલ ૦૮ માસ ની સમયમર્યાદા વધારી આપવા સબબ ની, એટલેકે સદર સમયમર્યાદા તા.૦૬–૦૫–૧૭ સુધી કરવા બાબતે ની, ફરીયાદી અરજદાર શ્રી ની વારંવાર ની અરજીઓ, જે ફરીયાદી અરજદાર શ્રી એ, નિયમાધીન અંતર્ગત ની સમયમર્યાદા હેઠળ જ પીજીવીસીએલ મા રજુ કરેલ છે. તેમજ, સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ના મુખ્ય કારણો પણ – જે, અરજદાર શ્રી '' કે જેઓ મહિલા ( વિધવા)નાગરીક અને આર્થિક વિટંબણાઓ હેઠળ ની વ્યકિત હોય'' આવા કારણોસર, તેઓ શ્રી ની માંગણી, પીજીવીસીએલ કક્ષાએથી ગ્રાહય રાખવા યોગ્ય હોય, અને તે મુજબ, તેણી શ્રી ની માંગણી મુજબ, તેઓ શ્રી ને અપાયેલ સદર ભાવપત્રક ની મુદત તા.૦૭–૦૫–૧૭ સુધી વધારી આપવા માટે ની, પીજીવીસીએલ તરફથી નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી ફરી એક વખત હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને_પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફોરમ સમક્ષ ના, ફરીયાદી અરજદાર એવા વિધવા – મહિલા શ્રીમતી સુનિતાબેન વિરજીભાઈ વોરા ના, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ એવા, ૧૦ હોપા ના, સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે નુ, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને તા.૦૮–૦૮–૧૬ ના રોજ, રૂ.૧૪,૧૨૦/– નુ, ભાવપત્રક નં. ૧૦૭૨૭ અપાયેલ હતુ. જે ભાવપત્રક ની મુદત તા.૦૬–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી, વિધવા સ્ત્રી હોય, તેણી ને આર્થિક આવક નો અન્ય કોઈ સ્ત્રોત ન હોય, આવી આર્થિક વિટંબણાઓ ના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી એ, તેણી ના ફોરમ સમક્ષ ના ઉપરોકત મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે, સદર ભાવપત્રક ની તા.૦૬–૦૯–૧૬ ના રોજ પુરી થતી એવી મુદત મા, સમયાંતરે, કુલ ૦૩ વિનંતી અરજીઓ આપી, અને સદર ભાવપત્રક ની મુદત, જે તા.૦૬–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી, તેમા વધારાના ૦૮ માસ ની સમયમર્યાદા વધારો મેળવી, અને તે મુજબ, સદર ભાવપત્રક ની મુદત તા.૦૬–૦૫–૧૭ સુધી વધારી આપવા માટે સતત વિનંતી અરજીઓ આપેલ હતી. અને ફરીયાદી અરજદાર શ્રી ની, પીજીવીસીએલ મા કરાયેલ સમયાંતરે ની સદર ૦૩ વિનંતી અરજીઓ, જે નિયત સમયમર્યાદા અને , માન્ય રાખવા યોગ્ય કારણોસર ની હોય, તેમજ આ બાબતે, પ્રવર્તમાન એવા પરીપત્ર મા કરાયેલ જોગવાઈ મુજબ ની હોય, આવા કારણોસર પીજીવીસીએલ કક્ષાએથી મુદદા નં.૨.૩,૨.૪ અને ૨.૫ મુજબ ની કાર્યવાહી હેઠળ આવરી લેવાયેલ હતી. પરંતુ, ભાવપત્રક ની મુદત વધારવા બાબતે ની તમામ વહીવટીય પ્રક્રીયાજનક કાર્યવાહી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન ઈ–ઉર્જા પ્રણાલી હેઠળ ની હોય, આ સીસ્ટમ હેઠળ ની તાંત્રીક સાતત્યતાઓ ની ક્ષતિઓ ના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની સમયાંતરે કરાયેલ એવી કુલ ૦૩ અરજીઓ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને તા.૦૬–૦૩–૧૭ સુધી ની મુદત ની વધારાની મંજુરી અપાયેલ હતી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની સમયાંતરે ની અરજીઓના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી અપાયેલ સમયાંતરે ની, સમયમર્યાદા ની મંજુરી ની બાબતો ની જાણકારી, જે પીજીવીસીએલ તરફથી સમયાંતરે અરજદાર શ્રી ને, નિયત સમયમર્યાદા મા લેખીત પત્ર પાઠવીને અપાયેલ હોવાની બાબત ને સમર્થન આપતા કોઈ પેપર્સ, પીજીવીસીએલ તરફથી ફોરમ સમક્ષ રજુ થયેલ નથી. આવા કારણોસર, અરજદાર શ્રી, તેઓ શ્રી ની માંગણી ના અનુસંધાને પીજીવીસીએલ તરફથી મળેલ સમયમર્યાદા ની મંજુરી થી અજાણ રહેલ હતા. |
| ૩.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ અને અરજદાર શ્રી વચ્ચે કોમ્યુનીકેશન ગેપ ની બાબત, જે પીજીવીસીએલ ની આ કાર્યવાહી મા, ઈ–ઉર્જા પ્રણાલી હેઠળ ની આ સીસ્ટમ હેઠળ ની તાંત્રીક સાતત્યતાઓ ની ક્ષતિઓ ના કારણોસર ની જ હોવાની બાબત, ફોરમ કમિટી સ્પષ્ટ માને છે. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ની યોગ્ય અને વ્યાજબી માંગણી ને ત્વરીતે સમર્થન ન મળતા હોવાના કારણોસર, અરજદાર શ્રી '' કે જેઓ મહિલા ( વિધવા)નાગરીક અને આર્થિક વિટંબણાઓ હેઠળ ની વ્યકિત હોય'' આવા કારણોસર, તેઓ શ્રી ની મુળ ભાવપત્રક ની પ્રથમ અંતીમ સમયમર્યાદા કે જે તા.૦૬–૦૯–૧૬ ના રોજ પુરી થતી હતી, તેમા સમયાંતરે મુદત વધારો મેળવવા માટે ની વિનંતી અરજીઓ, અરજદાર શ્રી એ તેણી શ્રી ની મુળ તા.૦૩–૦૯–૧૬ ની પ્રથમ અરજી ના અનુસંધાને જ ચાલુ રાખેલ હતી. તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની સમયાંતર અરજીઓ મા દર્શાવેલ કારણો, જે યોગ્ય અને વ્યાજબી અને નિયમાધીન અંતર્ગત ના હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમો અને ન્યાયિક રાહે માન્ય રાખવા યોગ્ય હોવાનો, અને તે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી સકારાત્મક રીતે અરજદાર શ્રી ની માંગણી ધ્યાને લેવાની બાબત, ફોરમ કમિટી યોગ્ય ગણે છે. |
| ૩.૩ | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની હાલ ની સવાલવાળી, તેણી શ્રી ને અપાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ના મંજુરી ના ભાવપત્રક ની મુદત, જે તા.૦૬–૦૯–૧૬ પછી ના, વધારાના કુલ ૦૮ માસ ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની બાબત ફોરમ કમિટી એ ન્યાયિક રીતે માન્ય રાખેલ છે. અને સદર કેઈસ, જે અરજદાર શ્રી '' કે જેઓ મહિલા ( વિધવા)નાગરીક અને આર્થિક વિટંબણાઓ હેઠળ ની વ્યકિત નો કેઈસ હોય, તેમજ તેણી ની માંગણી પણ, સમયાંતરે યોગ્ય સમયમર્યાદા મા જ રજુ થયેલ હોય, આ તમામ બાબતો વ્યાજબીપણા હેઠળ ની અને પીજીવીસીએલ ના નિયમાધીન માન્ય રાખવા યોગ્ય છે. જેથી, સદર તમામ બાબતો અને કારણો ને આધીન રહીને, ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની માંગણી, ફોરમ કમિટી તરફથી ગ્રાહય રહેલ છે. અને તે અન્વયે, ફરીયાદી અરજદાર શ્રી ના ભાવપત્રક ની મુદત, જે ફરીયાદી અરજદાર શ્રી એ તા.૦૬–૦૯–૧૬ પછી ના ૦૮ માસ નો સમયમર્યાદા વધારો મેળવી, અને તે મુજબ, તેણી શ્રી ને અપાયેલ સદર ભાવપત્રક ની મુદત તા.૦૬–૦૫–૧૭ સુધી |

| | |
|---|---|
| | વધારી આપવા માટે ની, જે અગાઉ પીજીવીસીએલ સમક્ષ રજુઆત કરેલ છે, તેમજ પીજીવીસીએલ તરફથી ફરીયાદી શ્રી ની સદર રજુઆતો કાર્યવાહી હેઠળ આવરી લેવાયેલ છે. |
| <u>૩.૪</u> | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, તે કાર્યવાહી મા જ ફરીયાદી શ્રી ની ફોરમ સમક્ષ ની વિનંતી આવરી લઈ અને તે મુજબ, તેઓ શ્રી ને અપાયેલ ભાવપત્રક મા તા.૦૬-૦૯-૧૬ પછી ના ૦૯ માસ એટલેકે તા.૦૬-૦૬-૧૭ સુધી ભાવપત્રક ની સમયમર્યાદા વધારી આપવા માટે, પીજીવીસીએલ ને આ મુજબ ની નયમાધીન અંતર્ગત ની કાર્યવાહી હેઠળ, ફરી એક વખત અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની માંગણી ના આધાર પર, તમામ કાર્યવાહી પૂર્ણ કરી, એટલેકે કુલ ૦૯ માસ સુધીની મુદત સુધી નો વધારો – એટલેકે તા.૦૬-૦૯-૧૬ થી તા.૦૬-૦૬-૧૭ સુધી ના ૦૯ માસ સુધી ની સમયમર્યાદા વધારી આપવા બાબતે ની – નિયમાધીન યોગ્ય અને ન્યાયિક રાહ હેઠળ ની ભલામણ સાથે ની દરખાસ્ત – જે સક્ષમ એવી ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ સમક્ષ રજુ કરી – અને સક્ષમ ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ ની ભલામણ સાથે ની દરખાસ્ત, જે સક્ષમ એવી નિગમીત કચેરી સમક્ષ રજુ કરી,, અને તે અન્વયે, સક્ષમ એવી નિગમીત કચેરી પાસેથી – સદર ભાવપત્રક ની મુદત – સમયમર્યાદા ની તા.૦૬-૦૬-૧૭ સુધીની મંજુરી –સદર હુકમ પછી ના ૧૦ દિવસ સુધી મા જ – જે વિભાગીય કચેરી ની ભલામણ / સક્ષમ એવી વર્તુળ કચેરી ની ભલામણ ના આધારે, નિગમીત કચેરી તરફથી મેળવવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર આદેશ આપવા સબબનો નિષ્કર્ષ થયેલ છે. |

<u>**મુદદા નં.–૪ :**</u>

## <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>**૪.૧**</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ ને આનુષાંગીક રહી ને ૩.૪ મુજબ ની કાર્યવાહી હેઠળ, સદર કેઈસ મા, સવાલવાળા ભાવપત્રક ની મુદત, જે તા.૦૬-૦૯-૧૬ થી તા.૦૬-૦૬-૧૭ સુધી ના ૦૯ માસ સુધી ની સમયમર્યાદા વધારી આપવા બાબતે ની મંજુરી સબબ ની તમામ નિયમાધીન પ્રક્રીયા, જે અત્રેના ફોરમ ના હુકમ બાદ, દિન-૧૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવાનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની **કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક** કંપાઉન્ડ, આંબાવાડી, **અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી **જો નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.